**ફોજદારી કેસ નં.૭૮૦/૨૦૨૩**

**અમદાવાદ (રુરલ)ના પાંચમા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં**

**આંક –**

ફરીયાદી : શ્રી સ ર કા ર

વિ રૂ ઘ્ધ.

આરોપી : (૧) વિજયભાઈ વિનુભાઈ પરમાર
(૨) પ્રદિપ અરવિંદભાઈ ઉર્ફે ઈશ્વરભાઈ પટણી

**ગુન્હો : પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ), ૮૧ મુજબ**

(૧) ફરીયાદ પક્ષે આરોપી વિરુઘ્ધ પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ), ૮૧ મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ રાખેલ છે.

(૨) ફરીયાદ પક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે આ કામના આરોપીએ ચાર્જશીટમાં જણાવેલ સ્થળે અને સમયે અને તારીખે પોતાના કબજામાં ૧૦ લીટર દેશી દારૂ રાખી તપાસમાં મળી આવતા તેના વિરુઘ્ધ સદર ફરીયાદ અન્વયે તપાસના અંતે આરોપી વિરુઘ્ધ પુરતો ગુનો બન્યાનું જણાઈ આવતા તેના વિરુઘ્ધ હાલનું ચાર્જશીટ થયેલ છે.

(૩) આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં પોલીસ પેપર્સની નકલો પુરી પાડી આરોપી આજરોજ કોર્ટમાં હાજર થતા તેઓની પ્લી લેવામાં આવતા તેમાં તેઓએ ગુન્હાનો ઈકરાર કરેલો છે અને તેઓએ અલગ કબુલાત પુરશીશ રજુ કરતા નોંધી, તે વંચાણે લેતાં આરોપીએ સ્વૈચ્છાપૂર્વક ગુન્હાની કબુલાત કરેલ છે.

(૪) આરોપીની સ્વૈચ્છાપૂર્વકની ગુન્હાની કબુલાત ઘ્યાને લેતા તેમજ પોલીસ પેપર્સ વંચાણે લેતા આરોપીએ સદરહુ ગુન્હો કરેલ છે તેમ હું ઠરાવુ છું

અને આરોપીની આર્થીક અને સામાજીક પરિસ્થિતી ધ્યાને લેતા તેમજ પ્રથમવાર ગુન્હો કરેલ હોય અને દયાની માંગણી કરતો હોય તે ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

: હુકમ:

૧) આરોપીને પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ), ૮૧ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી દરેક આરોપીને રૂા.૧૦૦/– લેખે (૧૦૦ × ૨ આરોપી), કુલ બસો રૂપીયા પુરાનો દંડ અને દંડ ન ભરે તો વિકલ્પે ૧ દિવસની સાદી કેદની સજા ફરમાવું છું.

૨) મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ દેશી દારૂનો નિયમાનુસાર અપીલ સમય પુર્ણ થયેલી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી આજરોજ **લોક અદાલત**માં જાહેર કર્યો.

તા. ૦૯/૦૯/૨૦૨૩<br>
સ્થળ:– મીરઝાપુર,અમદાવાદ

(ડી.એમ.બાવીશી)<br>
પાંચમા એડી.જયુડી.મેજી.ફ.ક.<br>
અમદાવાદ(ગ્રામ્ય) મીરઝાપુર<br>
UIC NO GJ 01380